જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૨/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૩૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી, ૫૪૧ લીટર દેશી દારૂ, ૧૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૦૨ રિક્ષા, ૦૧ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૩૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૭૩૩/૨૦૨૫**

એરપોર્ટઃ મનીષભાઈ રાધેશ્યામ શાહ (રહે. કાસા બેલેવ્યુ જર્મન હોટલ પાછળ રાધે ફોર્ચ્યુનની પાસે ભાટ ગામ) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૨/૨૦૨૫ કલાક ૦૦/૧૫ થી કલાક ૦૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના પહેલા માળના રૂમની બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટના ડ્રોઅરમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૭૩૪/૨૦૨૫**

નવરંગપુરાઃ રણજીત શ્યામસુંદર મોદી (ઉ.વ.૫૫) (રહે. ઓમ સુર્યા એપાર્ટમેન્ટ સમર્પણ ફ્લેટ સામે એલિસબ્રીજ નવરંગપુરા) એ તા.૦૮/૧૨/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રણજીત મોદીના ઘરે કામ કરતા અંકુશ સુરજમલ મનાત (રહે. પલ પાદર ડુંગરપુર રાજસ્થાન) તા.૨૦/૧૧/૨૦૨૫ કલાક ૮/૩૦ વાગ્યા પહેલા રણજીત મોદીના ઘરની તિજોરીની ચાવી વડે તિજોરીનું લોક ખોલી તિજોરીમાંથી સોના–ચાંદી તથા ડાયમંડના દાગીના મળી કિમત રૂપિયા ૫,૫૨,૦૦૦/– અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૫,૮૨,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૭૩૫/૨૦૨૫**

ચાંદખેડાઃ ચાંદખેડા ગુજરાત હાઉસીંગ બોર્ડ શુભલક્ષ્મીનગર ખાતે રહેતા કાદીરઆલમ સ/ઓ ઈલાહીમીયાં સેરસાવાદી (ઉ.વ.૨૩) (મુળ વતન. ગામ–ગિલાવાલી, પોસ્ટે–જીયાપોયર તા–ઠાકુરગંજ જી–કિશનગંજ બિહાર) નાઓ તા.૦૮/૧૨/૨૦૨૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે મોટેરા સિધ્ધીચક્ર એપાર્ટમેન્ટની બાજુમાં નવી બનતી R.N.B.C.(રોડ એન્ડ બિલ્ડીંગ ડિપાર્ટમેન્ટ) ખાતે સાતમા માળે બહારની સાઈડ લાગેલ સેફટી નેટ ખોલતા હતા દરમ્યાન સાતમા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એસ.એમ.એસ.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સતિષકુમાર ખુશાલભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૭૩૬/૨૦૨૫**

વેજલપુરઃ મોહમદ અયાન સ/ઓ પરવેઝમીયા ઇસ્માઇલમીયા શેખ (ઉ.વ.૧૮) (રહે. ગઝાલા ડુપ્લેક્ષ રઝાક મસ્જીદ પાસે જુહાપુરા) એ બિમારીથી કંટાળી તા.૦૮/૧૨/૨૦૨૫ સાંજના ૦૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી દેવરાજભાઇ ઘીરજીભાઇ ચલાવે છે.

રામોલઃ શ્વેતા ડો/ઓ કમલેશભાઈ કડિયા (ઉ.વ.૨૨) (રહે. ધારા કોલોની કાશીબા સ્કૂલ પાછળ આર.ટી.ઓ. રોડ વસ્ત્રાલ) એ બિમારીથી કંટાળી તા.૦૮/૧૨/૨૦૨૫ સવારના ૮/૩૦ થી સા સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જેરામભાઈ વાલજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી